RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 99* Date: 05.02.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### હોસ્ટેલમાં એસઓપીનું પાલન કરવાનું રહેશે

# રાજ્યભરમાં સોમવારથી કોલેજોમાં પ્રથમ વર્ષનું શૈક્ષણિક કાર્ય કરાશે શરૂ



ગાંધીનગર,તા.૪

કોરોના સંકટના કારણે રાજ્યની શાળા અને કોલેજો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત નોંધપાત્ર ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઈને શાળા અને કોલેજો ફરી શરૂ થઇ રહી છે. ત્યારે હવે કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરાશે. જોકે શાળા-કોલેજોમાં કોવિડ ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યમાં ૮ ફેબ્રુઆરીથી કોલેજમાં પ્રથમ વર્ષના વર્ગો શરૂ કરવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન કરવાનું રહેશે. તો સાથે હોસ્ટેલમાં પણ એસઓપીનું પાલન કરવાનું રહેશે. હોસ્ટેલના એક રૂમમાં બે થી વધુ વિદ્યાર્થીઓ સાથે નહીં રહી શકે. ૧ ફેબ્રુઆરીથી રાજ્યમાં ધોરણ-૯ અને ૧૧ના વર્ગ શરૂ કરાયા હતા. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત રાજયની શાળાઓમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી વર્ગ શરૂ કરાયા હતા. જેમાં બાળકોની સુરક્ષાને લઈને પણ ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે. ધોરણ-૯ના અંદાજે ૯થી ૧૦ લાખ અને ધોરણ ૧૧ના અંદાજે ૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ છે. અગાઉ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ ક્લાસ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. જોકે ધોરણ ૬થી ૮ના વર્ગો શરૂ કરવા માટે વિચારણા ચાલુ છે.

તમામ સ્કૂલો બંધ હતી. પરંતુ હવે કોરોનાના કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને લઇ સ્કૂલો ફરી શરૂ થઇ રહી છે. સ્કૂલોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું . સ્કૂલ સંચાલકોએ વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવાનો રહેશે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે જો વર્ગખંડ નાનો પડે તો લાઈબ્રેરી કે લેબોરેટરીનો પણ ઉપયોગ કરી શકાય છે.

# જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં પાકિસ્તાની સેનાનું ફાયરિંગ



### સરકારે સંસદમાં જણાવ્યું હતું કે ગત ૩ વર્ષમાં પાકિસ્તાન તરફથી બોર્ડર પર સૌથી વધુ ફાયરિંગ ૨૦૨૦માં કરવામાં આવ્યું.

શ્રીનગર,તા.૪

પાકિસ્તાની સેનાએ બુધવારે લાઈન ઓફ કંટ્રોલ પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ. જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં કરાયેલા ફાયરિંગમાં સેનાનો એક જવાન શહીદ થયાના અહેવાલો છે. અધિકારીઓનાં હવાલાથી ન્યુઝ એજન્સીએ બુધવારે મોડી રાત્રે આ અંગે જાણકારી આપી હતી. સેના સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે પાકિસ્તાને રાજૌરી જિલ્લાના સુંદરબની સેક્ટરમાં મોર્ટારથી હુમલા કરવાની સાથે ફાયરિંગ કર્યુ હતું. તેમાં એક સિપાહી લક્ષ્મણ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેનું ત્યારબાદ મૃત્યુ થયું હતું. પાકિસ્તાન સતત ન્ઝ પર સીઝફાયર તોડી રહ્યું છે. તેનાથી સરહદી ગામોમાં રહેનારા હજારો લોકો જોખમમાં જીવી રહ્યા છે. તેમના પશુ, સંપત્તિ અને ખેતીને નુકસાન થઈ રહ્યું છે. નવેમ્બરમાં પાકિસ્તાની સેનાના ફાયરિંગમાં બીએસએફ અને આર્મીના ૫ જવાન શહીદ થઈ ગયા હતા. ૬ નાગરિકોનાં પણ મોત થયા હતા.

ત્યારે સેનાએ જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાના ૩ કમાન્ડો સહિત ૧૧ જવાનોનો સફાયો કરી દેવાયો હતો. આ જ મહિનામાં જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં પાકિસ્તાની ગોળીબારમાં ભારતીય સેનાના બે જવાનો શહીદ થયા હતા. તેના એક દિવસ અગાઉ પૂંચ જિલ્લાની કિરની, કસ્બા અને શાહપુર સેક્ટરોમાં ગોળીબારમાં મોર્ટાર હુમલામાં સેનાના સૂબેદાર શહીદ થયા હતા. ડિસેમ્બરમાં ભારતીય સેનાએ લાઈન ઓફ કંટ્રોલ પર જમ્મુ-કાશ્મીરમાં નૌશેરા સેક્ટરની પાસે બે પાકિસ્તાની સૈનિકોને ઠાર કરી દીધા હતા. પાકિસ્તાની સેનાએ ૧૮ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરના સુંદરબની સેક્ટરમાં સીઝફાયર તોડ્યું હતું. આ દરમિયાન ઘાયલ થયેલા નાયક નિશાંત શર્મા ૨૫ જાન્યુઆરીએ મૃત્યુ પામ્યા હતા. ૧૯ જાન્યુઆરીએ પૂંચની કૃષ્ણા ખીણ સેક્ટરમાં પાકિસ્તાની સેનાના ફાયરિંગમાં હવાલદાર નિર્મલસિંહ ઘાયલ થયા હતા. ઈલાજ દરમિયાન તેમનું ૨૦ જાન્યુઆરીએ મોત થયું હતું. સેનાએ પાકિસ્તાન તરફથી થતા ફાયરિંગથી સામાન્ય લોકોને બચાવવાની પહેલ કરી છે. સેનાએ લોકોની સુવિધા માટે ખીણના આર એસ પુરા સેક્ટરને સ્પર્શતા ગામ શેખાચકમાં 'ઓપરેશન સદભાવના' અંતર્ગત કોંક્રિટનું કમ્યુનિટી બંકર બનાવ્યું છે, જેમાં એક સાથે લગભગ ૪૦-૫૦ લોકો આશરો લઈ શકે છે.

આ બંકર આધુનિક સુવિધાઓથી સજ્જ છે અને મોર્ટારના હુમલાને સહન કરી શકે છે. શેખાચક ગામ ભારત અને પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદને સ્પર્શે છે. આ બંકરમાં વીજળીની સુવિધા પણ છે જેથી લોકોને કોઈ પરેશાની ન થાય. હવે ગોળીબારની સ્થિતિમાં લોકો આ બંકરોમાં આશરો લઈને સુરક્ષિત રહી શકશે. સરકારે ૨ ફેબ્રુઆરીએ સંસદમાં જણાવ્યું હતું કે છેલ્લા ૩ વર્ષોમાં પાકિસ્તાન તરફથી બોર્ડર પર સૌથી વધુ ફાયરિંગ ૨૦૨૦માં કરાયું હતું. તેમાં ૨૨ નાગરિકોનાં મોત થયા અને ૭૧ ઘાયલ થયા હતા. આ દરમિયાન ૨૪ જવાનો શહીદ થયા અને ૧૨૬ ઘાયલ થયા હતા. ૨૦૧૯માં સીઝફાયરના ઉલ્લંઘનમાં ૧૮ લોકો માર્યા ગયા હતા અને ૧૨૭ ઘાયલ થયા હતા. આ દરમિયાન ૧૯ જવાનો શહીદ થયા અને ૧૨૨ જવાનો ઘાયલ થયા હતા. જ્યારે ૨૦૧૮માં ૨૧૪૦ વખત પાકિસ્તાને સંઘર્ષવિરામનો ભંગ કર્યો. તેમાં ૩૦ નાગરિકોનાં મોત થયા અને ૧૪૩ નાગરિકો ઘાયલ થયા. આ દરમિયાન ૨૯ જવાનો શહીદ થયા અને ૧૧૬ જવાનો ઘાયલ થયા હતા.

# ભારતીય લોકતંત્રનો પ્રાણ છે 'આત્મનિર્ભર' અન્નદાતાઃ વડાપ્રધાન મોદી

ન્યુ દિલ્હી,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ (૪ ફેબ્રુઆરી) ગોરખપુરમાં ચૌરી ચૌરા કાંડના શતાબ્દી સમારોહની વિડિયો કોન્ફરન્સ દ્વારા શરૂઆત કરી છે. ઐતિહાસિક ઘટનાને યાદ કરવા માટે ઉત્તરપ્રદેશ સરકાર આ વર્ષે શતાબ્દી સમારોહની ઉજવણી કરી રહી છે.આ અવસરે એક પોસ્ટ ટિકિટ પણ જાહેર કરી છે. મોદીએ કહ્યું કે, આ પવિત્ર ભૂમિ પર બલિદાન આપનાર દેશના સ્વતંત્રતા સંગ્રામને નવી દિશા આપનાર શહીદોને પ્રણામ કરું છું. સો વર્ષ પહો ચૌરી-ચૌરીમાં જે બન્યું તે માત્ર આગ ચાંપી દેવાની ઘટના ન હતી. તે આંદોલન ઘણું વ્યાપક હતું, પહેલા જ્યારે પણ તેની વાત થઈ ત્યારે આ ઘટનાને તેને અગ્નિદાહ તરીકે જોવામાં આવી. આવું કેમ બન્યું તે પણ જોવું જરૂરી છે. તે આગ પોલીસ સ્ટેશનમાં નહોતી લાગી, લોકોના દિલમાં પણ લાગી હતી. અંગ્રેજી હુકુમત તો સેંકડો સ્વતંત્રતા સેનાનીઓને ફાંસી આપવા માટે અડી ગઈ હતી, પણ બાબા રાઘવદાસ અને મહામના માલવીય જીના પ્રયાસોથી સેંકડો લોકોને ફાંસીથી બચાવી લેવાયા હતા.એવામાં આ દિવસ બાબા રાઘવદાસ અને મહામના માલવીય જીને યાદ કરવાનો પણ છે.આ કાર્યક્રમોમાં યુવાનો સ્પર્ધામાં પણ ભાગ લઈ રહ્યાં છે. તેમને સ્વતંત્રતાના ઘણા ન જોયેલા પાસા ખબર પડશે. મોદીએ કહ્યું કે, શતાબ્દી સમારોહના કાર્યક્રમોને લોક કળા અને આત્મનિર્ભરતા સાથે જોડવાના પ્રયાસ કરાયા છે. સામૂહિકતાની જે શક્તિએ ગુલામીને સાંકળને તોડી હતી, તે શક્તિ ભારતને દુનિયાની મોટી તાકાત પણ બનાવશે. આ શક્તિ આત્મનિર્ભરનો મૂળભૂત આધાર છે. આ દેશને ૧૩૦ કરોડ દેશ વાસીઓ માટે આત્મનિર્ભર બનાવી રહ્યાં છે. આજે કલ્પના કરો, જ્યારે કોરોનાકાળમાં આ દેશે દુનિયાના ૧૫૦થી વધુ દેશો માટે દવા મોકલી છે. ભારતે અનેક દેશોના નાગરિકોને ઘરે સુરક્ષિત મોકલ્યા છે. આજે ભારત પોતે કોરોનાની વેક્સિન બનાવી રહ્યો છે. દુનિયાના અન્ય દેશો કરતા ઝડપથી વેક્સિન

૧૯૨૨માં સ્વતંત્રતા આંદોલન સાથે જોડાયેલા પ્રદર્શનકારીઓએ ચૌરી ચૌરામાં એક પોલીસ ચોકીમાં આગ લગાવી દીધી હતી. આ ઘટનામાં ૨૨ પોલીસકર્મી માર્યા ગયા હતા. કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે. આ ઘટનામાં જીવ ગુમાવનાર સત્યાગ્રહીઓને શહીદ માનવામાં આવ્યા હતા.

ચૌરી ચૌરા કાંડના શતાબ્દી વર્ષ પર તેમના પરિવારજનોને સન્માનિત કરાશે. સવારે પ્રભાત ફેરી કાઢવામાં આવશે. સાંજે દરેક શહીદ સ્થળ પર દીપ પ્રગટાવશે. શહીદોની યાદમાં સાંસ્કૃતક કાર્યક્રમ પણ યોજાશે. આ દરમિયાન એક સાથે ૩૦ હજારથી વધુ લોકો વંદે માતરમ ગાઈને વર્લ્ડ રેકોર્ડ બનાવશે. તમામે નક્કી સમયે વંદે માતરમ્ ગાતા વિડિયો અપલોડ કરવાનો રહેશે.

# બજેટના ફાયદા ગણાવવા ભાજપ હવે દેશવ્યાપી અભિયાન ચલાવશે

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્રની ભાજપ સરકારે ૧ ફેબ્રુઆરીએ દેશના સામાન્ય બજેટ ૨૦૨૧-૨૦૨૨ રજૂ કર્યુ છે. હવે ભાજપ તેના ફાયદા ગણાવવા માટે લોકોની વચ્ચે જશે. આ માટે ભાજપ તરફથી દેશભરમાં વિશેષ ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓને દેશના તમામ રાજ્યોની રાજધાનીઓ અને મોટા શહેરોમાં પત્રકાર પરિષદ સંબોધવા અને પ્રજાની વચ્ચે જઈને સભાઓ ગજવવાનો આદેશ આપ્યો છે. બજેટ પર ભાજપનો આ પ્રચાર કાર્યક્રમ ૬-૭ ફેબ્રુઆરી અને ૧૩-૧૪ ફેબ્રુઆરીએ ચલાવવામાં આવશે. તમામ રાજ્યોની રાજધાનીમાં ભાજપના કેન્દ્રીય મંત્રીઓ અને વરિષ્ઠ નેતા ૬ અને ૭ ફેબ્રુઆરીએ પત્રકાર પરિષદ સંબોધશે. દેશવ્યાપી અભિયાનમાં બુદ્ધીજીવીઓ સાથે ચર્ચા કાર્યક્રમ, એફઆઈસીસીઆઈ અને ચેમ્બર્સ ઑફ કૉમર્સ સહિત ઉદ્યોગ જગતના લોકો સાથે ચર્ચા કરવામાં આવશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ભાજપના તમામ સાંસદોને ૬-૭ અને ૧૩-૧૪ ફેબ્રુઆરીએ પોતાના સંસદીય વિસ્તારમાં રહીને બજેટની જનકલ્યાણકારી વાતોને પ્રજા સુધી પહોંચાડવાનો આદેશ આપ્યો છે.

### કૃષિ કાયદાથી દુનિયામાં ભારતીય બજારનો પ્રભાવ વધશેઃ યુએસ

# અમેરિકાએ નવા કૃષિ કાયદાઓનું કર્યું સમર્થન, કહ્યું- અમે શાંતિપૂર્ણ વિરોધની સાથે

વોશિંગ્ટન,તા.૪

મોદી સરકારના નવા કૃષિ કાયદાઓનાં વિરોધમાં ભારતમાં સડકથી સંસદ સુધી સંઘર્ષ ચાલી રહ્યો છે. આ દરમિયાન અમેરિકાએ કૃષિ કાયદાઓને લઈને ભારતને સમર્થન આપ્યું છે. બાઈડેન શાસને કહ્યું હતું કે તે મોદી સરકારના આ કદમનું સ્વાગત કરે છે. આનાથી દુનિયામાં ભારતીય બજારનો પ્રભાવ વધશે અને ખાનગી ક્ષેત્રમાં વધુ રોકાણને આકર્ષિત કરશે. આ સાથે અમેરિકા એ પણ સ્વીકાર્યુ કે કૃષિ કાયદાઓ પર શાંતિપૂર્ણ વિરોધ એક સંપન્ન લોકતંત્રનું ઉદાહરણ છે. નવા કૃષિ કાયદાઓનાં વિરોધમાં ભારતમાં ચાલતા ખેડૂત આંદોલન પર પ્રતિક્રિયા આપતા અમેરિકન વિદેશ વિભાગના એક પ્રવક્તાએ કહ્યું હતું કે બાઈડેન સરકાર કૃષિ ક્ષેત્રમાં સુધારા માટે ભારત સરકારના કદમનું સમર્થન કરે છે, જે ખેડૂતો માટે ખાનગી રોકાણ અને વધુ બજાર પહોંચને આકર્ષિત કરે છે. અમેરિકન વિદેશ મંત્રાલયે આગળ કહ્યું કે સામાન્ય રીતે અમેરિકા એવા કદમોનું સ્વાગત કરે છે, જે ભારતીય બજારોની દક્ષતામાં સુધારો કરશે અને ખાનગી ક્ષેત્રના રોકાણને આકર્ષિત કરશે. કૃષિ કાયદાઓ વિરુદ્ધ દિલ્હીની સરહદો પર ગત ૨૬ નવેમ્બરથી ખેડૂતો દેખાવો કરી રહ્યા છે. જયારે ૨૬ જાન્યુઆરીએ ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન દિલ્હીમાં હિંસા પણ થઈ હતી.

અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, અમારૂં માનવું છે કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કોઈપણ સંપન્ન લોકતંત્રની ઓળખ છે અને ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ જ કહ્યું છે.પ્રવક્તાએ કહ્યું હતું કે અમેરિકા, ભારતની અંદર વાતચીતના માધ્યમથી પાર્ટીઓની વચ્ચે કોઈપણ મતભેદને ઉકેલવાની તરફેણમાં છે. સામાન્ય રીતે અમેરિકા ભારતીય બજારોની કાર્યકુશળતાને સુધારવા અને મોટાપાયે ખાનગી સેકટરના રોકાણને આકર્ષિત કરવા માટે ઉઠાવાયેલા કદમોનું સ્વાગત કરે છે. આ અગાઉ, આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષએ ભારતના નવા કૃષિ કાયદાઓને કૃષિ ક્ષેત્રમાં સુધારા માટે એક મહત્વનું કદમ ગણાવ્યા હતા. આઈએમએફના કમ્યુનિકેશન ડિરેક્ટર ગેરી રાઈસે કહ્યું હતું, અમે માનીએ છીએ કે ભારતમાં કૃષિ સુધારા માટે કૃષિ બિલ એક અગત્યના કદમનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપાય ખેડૂતોને વિક્રેતાઓ સાથે સીધા કરાર કરવામાં સક્ષમ બનાવશે, જેનાથી ખેડૂતોને વચેટિયાઓની ભૂમિકા ઘટાડવામાં સરળતા મળશે. અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતમાં નવા કૃષિ કાયદાઓને લઈને મોટાપાયે ખેડૂતોનું આંદોલન ચાલી રહ્યું છે.

# કોવિડ મૃત્યુઆંક મામલે ભારત ૨૧મા સ્થાને પહોંચ્યું, ૨૪ કલાકમાં ૧૦૭નાં મોત

ન્યુ દિલ્હી,તા.૪

નવી દિલ્હીઃ ભારત કોરોના સામેની લડત વધુ મજબૂત થઈ રહી છે. એક તરફ કોરોના વેક્સીનેશન અભિયાન ચાલી રહ્યું છે. બીજી તરફ કોવિડના સંક્રમણને મ્હાત આપનારા દર્દીઓની સંખ્યા પણ વધતી જઈ રહી છે. રાહતની વાત એ છે કે કોરોના મૃત્યુઆંકના મામલે ભારત હવે ૨૧મા સ્થાને પહોંચી ગયું છે. છેલ્લા ચોવીસ કલાકમાં ૧૪ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૦થી ઓછા કેસ નોંધાયા છે. આ ઉપરાંત ૫ રાજ્યમાં એક દિવસમાં એક પણ વ્યક્તિનું મોત નથી થયું. ભારતમાં કોરોના વેક્સીનેશન અભિયાન નું પહેલું ચરણ હાલ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૪૪,૪૯,૫૫૨ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૨,૮૯૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ ના કારણે ૧૦૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૭,૯૦,૧૮૩ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૪ લાખ ૮૦ હજાર ૪૫૫ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૭,૮૨૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૫૫,૦૨૫ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૪,૭૦૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૩ ફેબ્રુઆરી સુધીમાં ભારતમાં કુલ ૧૯,૯૨,૧૬,૦૧૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૭,૪૨,૮૪૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૭૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૨૬૮૧**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૩૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૫૫૮૯**

## તંત્રી સ્થાનેથી...

### સિંધુ બોર્ડરનું નામઃ ચોર-લૂંટારા સામેની લાઠીઓની પ્રથમ લડાઈને કારણે....

દેશની રાજધાની દિલ્હીની સિધુ બોર્ડર, ટિકરી વિસ્તારમાં નવા કૃષિ કાનુન રદ કરવા માટે છેલ્લા બે માસથી ખેડૂતોનુ આંદોલન ચાલી રહ્યું છે જેમાં સિંધુ બોર્ડરનું નામ મોટાભાગના દિલ્હીવાસીઓ અને પંજાબના લોકોમાં જાણીતુ હતુ... પરંતુ દેશના લોકો આ નામ જાણતા ન હતા. ખેડૂત આંદોલન શરૂ થતા પંજાબ દિલ્હીને જોડતી સિંધુ બોર્ડર નામ ધીરી ગતીએ જાણીતુ થઈ ગયું. અને તેમા પંજાબના ખેડૂતો સિંધુ બોર્ડર અને ટિકરી વિસ્તારમા મોટી સંખ્યામાં કૃષિ કાનુન રદ કરવા માટે આંદોલન ચલાવી રહ્યા છે. જયારે કે ગાજીપુર બોર્ડર વિસ્તારમાં હરિયાણા,રાજસ્થાન,મહારાષ્ટ્રના ખેડૂતો સહિત અન્ય રાજયના ખેડૂતો અંદોલનમાં જોડાયેલા છે. આમ છતાં દેશભરના લોકોની નજર દિલ્હી પ્રવેશની સિંધુ બોર્ડર પર જામેલી રહી હતી અને છે.આદોલનના ૧૫ દિવસ પછી વિશ્વના કેટલાક દશોમા સિંધુ બોર્ડરનુ નામ પહોંચી ગયું અને સિંધુ નામ દેશ-વિદેશમાં જાણીતું થઇ ગયું. પરંતુ આ સિન્ધુ નામ પાછળનો જે તે સમયનો મોટો ઇતિહાસ છૂપાયેલો છે. જેમાં અગાઉના સમયમાં કે જ્યારે બંદુકો,તોપો કે અત્યારના સમય જેવા શસ્ત્રો હતા નહી. ચોર-લુટારા લાઠીઓ લઈને કોઈ પણ સ્થળ પર ત્રાટકતા હતા અને ઊંટો, ભેંસો, બકરીઓ,બળદો તથા બળદ ગાડા વગેરે ઉઠાવી જતા હતા. ૧૯૪૯ના સમયમા ચોર-લૂટારા લૂંટ- ચોરી કરીને દિલ્હી તરફ ભાગતા સમયે કૈથલ જિલ્લાના કવારતન ગામના સિંધુ ચમાર નામના યુવાને તેના ૩૦ જેટલા મિત્રો સાથે દિલ્હી બોર્ડર પાસે ચોર-લુટારાઓનો લાઠીઓથી સામનો કર્યો હતો જે લાઠીમારી લડાઈ ૭ દિવસ ચાલી હતી.... આખરે ગરીબોને તેમના પશુ,બળદ તથા બળદ ગાડા,ઘર વખરી વગેરે પાછા અપાવ્યા હતા. આ સિવાય સિંધુ અને તેના મિત્રોએ લોકહિતના લોકોની ભલાઈ માટેના અનેક કામો કર્યા હતા....

સિંધુ બોર્ડરનો ઇતિહાસ બતાવતા શામલી ગામના ૯૬ વર્ષિય સંતા ગુર્જરે ૧૯૪૯ માં થયેલ પ્રથમ લાઠી લડાઈ બાબતે વાત કરતાં કહ્યું કે સિંધુ ચમાર જાતિના છે જે અત્યારે હૈયાત છે પણ લોકો તેને ભૂલી ગયા છે કે પછી જાણતા નથી. તેનો પરિવાર સાધારણ છે. સિંધુની ઘટનાના અનુસંધાને તેમણે કહ્યું કે એક સમયે ચોર-લૂંટારા સાથે સાત દિવસ સુધી લાઠીઓથી સામનો કરતા લડાઈ લડી તેમાં સિંધુ સાથે તેના ગામના ૨૫ થી ૩૦ દોસ્તો હતા.ચોર-લુટારા ૩૦૦ જેટલી ભેંસો, ૧૫૦ કરતા વધુ ઊંટો, ૨૦૦ જેટલી બકરીઓ, બળદો અને બળદગાડા લુટીને દિલ્હી તરફ જઈ રહ્યા હતા... ત્યારે સિંધુ અને તેના દોસ્તોએ તેમને અટકાવ્યા જેમાં આમનેસામને લાઠીઓ વિઝીને લડાઈ થઈ જે પ્રથમ લડાઈ હતી આખરે ગરીબોને તેમના પશુઓ, બળદ ગાડા વગેરે પાછા અપાવ્યા હતા. જો કે ચોર-લુટારા ટોળી સામે સિંધુ અને તેના મિત્રો વચ્ચે થયેલી લડાઈમાં તે સમયે આ રસ્તો બંધ કરી સીલ કરી દેવાયો હતો. આ પછી સિંધુ અને તેના મિત્રોને દિલ્હી પોલીસે ધરપકડ કરીને તિહાડ જેલમાં પૂરી દીધા હતા તિહાડ જેલમાંથી ચાર વર્ષ બાદ છૂટકારો થયો હતો ત્યારે સોનીપતના જાટ લોકો અને ઘરોડા ગામના રાજપૂતો તથા પાણીપતના જાટોએ સિંધુ અને તેમના મિત્રોનું બહુ મોટુ દિલથી સ્વાગત કર્યું હતું અને લોકો આજે સીલ કરેલા રસ્તાને સિંધુ બોર્ડર નામથી જાણે છે. પરંતુ સિંધુ હૈયાત છે પણ તેને ઓછા લોકો ઓળખે છે કે જાણે છે. ટૂંકમાં સમય સમય નો ઇતિહાસ અલગ-અલગ હોય છે અનેક એવા નામ કે સ્થળો છે કે જેનો ઇતિહાસ ભુલાઈ ગયો છે કે ભુસાઈ ગયો હશે....! છતાં સિંધુ બોર્ડનો ઇતિહાસ જાણવા મળ્યો.....!

### મંગળ પર જવા માટે બનેલા યાનનું પરીક્ષણ બીજી વખત થયું નાકામ

# અમેરિકન સ્પેસ કંપની સ્પેસએક્સનું રોકેટ સ્ટારશિપ એસ ૯માં વિસ્ફોટ



વોશીંગટન,તા.૪

અમેરિકન સ્પેસ કંપની સ્પેસએક્સનું રોકેટ સ્ટારશિપ એસ ૯માં વિસ્ફોટ થયો છે. મંગળ અને ચંદ્રની મુસાફરી કરવા માટે બનાવવામાં આવી રહ્યું છે તે સ્ટારશિપમાં પરીક્ષણ સમયે વિસ્ફોટ થયો હતો.ત્રણ મહિનામાં બીજી ઘટના બની છે જોકે એલોન મસ્કે કહ્યું કે આ પ્રયોગ છે.અમે વધુ પ્રયાસ કરીશું. થ્રોસ્ટરની નિષ્ફળતાને કારણે અકસ્માત સર્જાયો હોવાની આશંકા છે. સ્પેસશિપે લગભગ ૧૦ કિમીની ઉચાઈ મેળવી હતી. પરંતુ પરત ફરતી વખતે નિયંત્રણ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. ૫૦મીટર લાંબી સ્ટારશિપ પૃથ્વી પર ફરી રહી હતી. ત્યાં સુધીમાં પ્રયોગ સફળ થશે એવુ લાગતુ હતું લોંચ થયાના આશરે સાડા છ મિનિટ પછી, સ્ટારશિપ ઉતરાણથી સીધું રહી શક્યું નહીં. અને જમીન પર પડતા વિસ્ફોટ થયો. હતો. ૫૦-મીટર લાંબી સ્ટારશિપ જયારે પૃથ્વી પર ફરી રહી હતી ત્યાં સુધીમાં પ્રયોગ સફળ લાગ્યો. ઉતરતા સમયે, તેને બૈલી ફલોપ કરવાનું હતું જેથી હવામાં એન્જિન બંધ કરીને પૃથ્વી પર પરત ફરવાની યોજના હતી,. તેને લેન્ડિંગથી પહેલા સીધું હોવું જોઈતું હતું. લોંચ થયાના આશરે સાડા છ મિનિટ પછી, સ્ટારશીપ ઉતરાણથી સીધું રહી શક્યું નહીં. તે જમીન પર આવીને પડ્યું, અને વિસ્ફોટ થયો. ૫૦ મીટર લાંબુ સ્ટારશિપ જ્યારે ધરતી પર પાછુ ફર્યુ હતુ ત્યાં સુધી પ્રયોગ સફળ લાગી રહ્યો હતો. ઉતરતા સમયે આને બેલી ફલોપ કરવાનુ હતુ. જેનાથી હવામાં જ એન્જિન બંધ કરીને પૃથ્વી પર પાછા આવવાની યોજના હતી.

લેન્ડિંગ પહેલા આને સીધુ થવાનુ હતુ. પરીક્ષણના લગભગ સાડા ૬ મિનિટ બાદ લેન્ડિંગથી સ્ટારશિપ સીધુ રહી શક્યુ નહીં. તે જમીન પર આવી પડ્યુ. આગની લપેટમાં પડ્યુ અને વિસ્ફોટ થયો. આ પરિયોજના હેઠળ સ્ટારશિપ એસ૮ પણ ૧૦ ડિસેમ્બર ૨૦૨૦એ આવી જ ઘટનાનો શિકાર થયો હતો. તે ૧૦ કિલોમીટરથી કેટલુક ઉપર ગયુ હતુ. તે સ્ટાર એસ૯નું પરીક્ષણ થવાનુ હતુ, પરંતુ સુરક્ષા માનક પૂરો ન કરવા પર અનુમતિ મળી નહીં.

## સરકારનો કોરોનાથી ૧૬૨ ડોક્ટરોનાં મોતનો દાવો, આઈએમએએ ઉઠાવ્યા સવાલ

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સભામાં કોરોના વાયરસથી દેશમાં કુલ ૧૬૨ ડોક્ટર્સનાં મોતનાં આંકડા પર ચોંકી જતા ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ દાવો કર્યો હતો કે મૃત્યુઆંક ૧૬૨ નહી પણ વધારે છે. આપને જણાવી દઈએ કે, આરોગ્ય રાજ્યમંત્રી (એમઓએસ) અશ્વિની કુમાર ચૌબેએ સંસદનાં ઉચ્ચ ગૃહને માહિતી આપી હતી કે, દેશમાં અત્યાર સુધીમાં ૧૬૨ ડોકટર્સ, ૧૦૭ નર્સ અને ૪૪ આશા વર્કર્સ કોવિડ-૧૯ વાયરસથી પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે. જ્યારે બીજી તરફ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) એ કહ્યું છે કે, દેશમાં કોવિડ-૧૯ ને કારણે ૭૩૪ ડોકટર્સે પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આઇએમએ એ કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ રાજ્ય મંત્રી અશ્વિનીકુમાર ચૌબેને એક પત્ર લખીને જણાવ્યું છે કે, એસોસિએશનની પાસે ઉપલબ્ધ વિગતો અનુસાર મોતનો આંકડો સરકાર પાસે ઉપલબ્ધ આંકડાથી વધારે છે. હવે આઇએમએ એ કહ્યું હતું કે, કોરોના વાયરસને કારણે આજ સુધીમાં ૭૩૪ ડોકટર્સે જીવ ગુમાવ્યો છે, જેમાંથી ૪૩૧ સામાન્ય પ્રેક્ટિશનર છે. આઇએમએ એ કહ્યું, 'દુર્ભાગ્યપૂર્ણ વાત છે કે, ૨૫ ડોક્ટરો ૩૫ વર્ષથી ઓછી ઉંમરનાં હતા. તેમ છતાં, ડોકટરોએ ઉંચા વાયરલ લોડ અને ઉંચા કેસ ફૈટેલિટિ રેશિયોનો સામનો કરવો પડ્યો પરંતુ તેમણે તબીબી વ્યવસાયની શ્રેષ્ઠ પરંપરાઓમાં દેશની સેવા કરવાનું પસંદ કર્યું. ભારત સરકાર આ હકીકતને સ્વીકારવામાં અને મહત્વ અને માન્યતા આપવામાં નિષ્ફળ ગઈ.'

## ભાજપના જ્યોતિરાદિત્ય સિંધિયા અને કોંગ્રેસના દિગ્વિજય સિંહની વાતોથી રાજ્યસભામાં હાસ્ય રેલાયું

ન્યુ દિલ્હી,તા.૪

રાજયસભામાં ગુરુવારે વિવિધ વિપક્ષ પાર્ટીએ ત્રણ નવા કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતોના ચાલી રહેલા આંદોલન મુદ્દે મોદી સરકાર પર પ્રહાર કરતા વર્તમાન આંદોલનને ઉકેલવાની સરકારની પ્રક્રિયા સામે સવાલ ઉઠાવ્યા હતા. રાજયસભામાં કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહ અને ભાજપના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયામાં આ ચર્ચા વખતે ગજબની જુગલબંદી જોવા મળી. જયોતિરાદિત્ય સિંધિયાએ મોદી સરકારનો પક્ષ રજૂ કરતા કોંગ્રેસને ઘેરી હતી, જ્યારે દિગ્વજિય સિંહનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેમની વાત સાંભળી ગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. રાજયસભામાં આજે રાષ્ટ્રપતિના ધન્યવાદ પ્રસ્તાવ અને ખેડૂતોના મુદ્દે ચર્ચા ચાલી રહી છે. ભાજપ સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયા પછી જ્યારે કોંગ્રેસ સાંસદ દિગ્વિજય સિંહનું નામ આવ્યું તો તે હસવા લાગ્યા. ત્યારે સભાપતિએ કહ્યું આમા મેં કોઈ ફેરફાર કર્યો નથી. જે લિસ્ટમાં હતું મેં તે મુજબ જ નામ લીધું. આ વાત પર દિગ્વિજય સિંહ હસી પડ્યા હતા. દિગ્વિજયે સિંધિયાને પોતાનો પક્ષ સારી રીતે રજૂ કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા. તેમણે કહ્યું કે સિંધિયા જે રીતે યુપીએ સરકારનો પક્ષ રજૂ કરતા હતા, તે જ રીતે આજે આ સરકારનો પક્ષ રજૂ કર્યો છે. વાહ જી મહારાજ વાહ. અમારા આશીર્વાદ તમારી સાથે છે અને રહેશે. સિંધિયાએ કોરોના કાળમાં મોદી સરકારે લીધેલા નિર્ણયની પ્રશંસા કરી હતી. ભાજપ સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે કોરોના એક અદ્રશ્ય શત્રુ હતો. વિશ્વમાં કરોડો લોકો તેનાથી સંક્રમિત થયા, ૨૦ લાખ લોકોના મોત થયા. ભારત કોરોનાને મ્હાત આપી છે અને પ્રવર્તમાન સમયે સરેરાશ ગ્લોબલ રિકવરી રેટ ૭૦ ટકા છે. ભારતમાં તે સૌથી વધુ ૯૭ ટકા છે. કોરોનાની બીજી લહેર ભારતમાં આવી પણ ન શકી કારણ કે નેતૃત્વએ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લીધો. સિંધિયા પછી દિગ્વિજય સિંહ બોલવા ઉભા થયા ત્યારે તેમણે અધ્યક્ષને સંબોધતા કહ્યું કે, હું તમારા માધ્યમથી જયોતિરાદિત્ય સિંધિયાને અભિનંદન આપવા માંગુ છું. જે રીતે તેઓ યુપીએ સરકારમાં પક્ષ રાખી રહ્યા હતા તે જ રીતે આજે તેમણે ભાજપનો પક્ષ રાખ્યો છે. વાહ જી મહારાજ વાહ. દિગ્વજિય સિંહની વાત પૂર્ણ થયા બાદ સિંધિયાએ હાથ જોડ્યા હતા અને તેમને કહ્યું કે, બધા તમારા જ આર્શીવાદ છે. આ વાતોને લઈને રાજયસભામાં હાસ્યની છોળો ઉડી હતી.

## આમ આદમી પાર્ટીમાં ઉત્સાહ, મનીષ સિસોદીયા આવશે અમદાવાદ

ન્યુ દિલ્હી,તા.૪

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. દરેજ પક્ષ ચૂંટણીમાં વિજયી થવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. ગુજરાતમાં પગદંડો જમાવી રહેલા આપ પાર્ટીના કાર્યકરોમાં ખુશીની લહેર જોવા મળી છે. દિલ્હીના ઉપમુખ્યમંત્રી અને આપ નેતા મનીષ સિસોદિયા ૬ ફેબ્રુઆરીના રોજ ગુજરાત આવી રહ્યા છે.

આગામી ચૂંટણીની તૈયારીઓના ભાગ રૂપે મનીષ સિસોદિયા ગુજરાતના પ્રવાસે આવતા કાર્યકરોમાં ખુશીનું મોજું જોવા મળી રહ્યું છે. અમદાવાદ શહેરમાં પૂર્વ-પશ્ચિમ વિસ્તારોમાં મનીષ સિસોદિયા માટે બે રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. સિસોદીયાના આગમન પગલે આપ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટીકીટ ને લઈને પણ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## એલજીપી ગેસમાં ૨૫ રૂપિયાના વધારા બાદ પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં થયો વધારો

ન્યુ દિલ્હી,તા.૪

ઘણા દિવસ સુધી કિંમત સ્થિર રહ્યાં બાદ ઓઈલ કંપનીઝ દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં કિંમતોમાં ફરી વધારો ઝીંકવામાં આવ્યો છે. પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં ૩૫-૩૫ પૈસા પ્રતિ લીટરનો વધારો કરાયો છે. દિલ્હીમાં પેટ્રોલ ૮૬.૬૫ રૂપિયા લીટર થઈ ગયો છે. આ સાથે જ એલપીજી સિલિન્ડરની કિંમતમાં પણ ૨૫ રૂપિયાનો વધારો કરાયો છે. બજેટમાં પેટ્રોલ અને ડિઝલ પર કૃષિ સેસ લગાવવામાં આવ્યો છે, જોકે સરકારે સ્પષ્ટતા કરી હતી કે, તેની અસર લોકો પર થશે નહીં. ઈન્ડિયન ઓઈલના ગ્રાહકોએ ૧૪ કિ.ગ્રા.ના નૉન સબસિડી ઘરેલુ ગેસ સિલિન્ડર માટે વધારે કિંમત ચૂકવવી પડશે. એલપીજી સિલિન્ડરની કિંમત ૨૫ રૂપિયા વધારવામાં આવી છે.

જેથી દિલ્હીમાં ૭૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડર, મુંબઈમાં ૭૧૦ અને ચેન્નાઈમાં ૭૩૫ રૂપિયા થશે. ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલ સતત મજબૂત થઈ રહ્યું છે, પરંતુ ભારતીય બાસ્કેટમાં જે ક્રૂડ ઓઈલ આવે છે તેની પર ઈન્ટરનેશનલ કિંમતોની અસર ૨૦-૨૫ દિવસ બાદ જોવા મળે છે. મુંબઈમાં પેટ્રોલ ૯૩.૨૦ રૂપિયા અને ડિઝલ ૮૩.૬૭ રૂપિયા લીટર, ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયાએ પહોંચ્યું. ચેન્નાઈમાં પેટ્રોલ ૮૯.૧૩ રૂપિયા અને ડિઝલ ૮૨.૦૪ રૂપિયા તથા કોલકાતામાં પેટ્રોલ ૮૮.૦૧ રૂપિયા અને ડિઝલ ૮૦.૪૧ રૂપિયા થઈ ગયું છે.નવા વર્ષે પેટ્રોલ અને ડિઝલની કિંમતો સતત ભાવ વધારો કરવામા આવી રહ્યો છે. જેના કારણે સતત મોંઘવારી વધી રહી છે. માલ ભાડામાં વધારો થવાથી વસ્તુઓની કિંમતોમાં વધારો થઈ શકે છે. વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પેટ્રોલ પર ૨.૫ રૂપિયા પ્રતિ લીટર અને ડિઝલ પર ૪ રૂપિયા પ્રતિ લીટર કૃષિ સેસ લગાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે.

## વડાપ્રધાનના ભાઈ પ્રહલાદ મોદીના પોલીસ સામે રોષે ભરાઈ લખનઉ એરપોર્ટ પર ધરણાં

લખનઉ,તા.૪

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના અમૌસી એરપોર્ટની બહાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદી ધરણા પર બેસી ગયા હતા. લખનઉ પોલીસની કાર્યશૈલી સામે વિરોધ વ્યક્ત કરવા માટે પ્રહલાદ મોદીએ આ પગલું ભર્યું હતું. અહેવાલો અનુસાર પોતાના ૧૦૦ જેટલા સમર્થકોને પોલીસે પકડી લેત નારાજ મોદી ધરણા પર બેસી ગયાં હતાં એટલું જ નહીં પોતાના કાર્યકરોને તત્કાળ છોડી દેવામાં માટે તેમણે ઉપવાસ ઉપર ઊતરી જવાની પણ ધમકી ઉચ્ચારી હતી. તેમણે જણાવ્યું હતું કે લખનઉ પોલીસ અમને જણાવે કે કોના આદેશ પર કાર્યકરોને પકડી લેવામાં આવ્યા છે. જો ઉપરથી આદેશ હોય તો તે આદેશ પણ બતાવવામાં આવે.

પ્રહલાદ મોદીના જણાવ્યા અનુસાર ચાર ફેબ્રુઆરીએ સુલતાનપુરમાં, પાંચ ફેબ્રુઆરીએ બોનપુરમાં અને છઠ્ઠી ફેબ્રુઆરીએ પ્રતાપગઢમાં તેમનો કાર્યક્રમ હતો તેના માટે થઈને તેઓ લખનઉ એરપોર્ટ પર આવ્યા હતાં. લખનઉ પહોંચ્યા બાદ તેમને જાણકારી મળી હતી કે તેમના સ્વાગત માટે જે કાર્યકરો આવ્યા હતાં તેમને પોલીસે પકડી લીધા હતા. પોતાના સમર્થકોની ધરપકડ બાદ તેમણે પોલીસ વિભાગ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. પ્રહલાદ મોદી અને તેમના કેટલાક સમર્થકો દ્વારા પોલીસ ખાતામાં વ્યાપેલા ભ્રષ્ટાચાર સામે આંગળી ચિંધવામાં આવી હતી તો બીજી તરફ પોલીસની તાનાશાહી નહીં ચલાવી લેવાય તેવા પણ સૂત્રોચ્ચાર એરપોર્ટ ઉપર જ કરવામાં આવ્યા હતા.


## મોદી સરકારને ક્રિકેટરો-બોલિબૂડનું સમર્થન પર થરૂરની આકરી પ્રતિક્રિયા

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને દુનિયાની કેટલીક સેલિબ્રિટીઓ સમર્થન કરી રહી છે. ભારત સરકારે આ તમામને આકરી પ્રતિક્રિયા આપી છે. હવે બોલિવૂડના કલાકારો અને ક્રિકેટરો પણ આ વિદેશી સેલિબ્રિટીઓને જડબાતોડ જવાબ આપી કેન્દ્ર સરકારનું સમર્થન કરી રહી છે. જેને લઈને કોંગ્રેસના દિગ્ગજ નેતા શશિ થરૂરે આકરી પ્રતિક્રિયા આપી હતી. શશિ થરૂરે કહ્યું હતું કે, કેન્દ્રના અક્કડ વલણ અને લોકતાંત્રિક વ્યવહારથી ભારતની વૈશ્વિક છબીને જે નુંકશાન પહોંચ્યુ છે તેની ભરપાઈ થઈ શકે તેમ નથી. ભારતે પોલ સિંગર રિહાના અને પર્યાવરણ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ જેવી વૈશ્વિક હસ્તીઓ દ્વારા ખેડૂત આંદોલનનું સમર્થન કરવાને લઈને જોરદાર જવાબ આપ્યો હતો. ભારત સરકારના આક્રમક વલણ, દિગ્ગજ ક્રિકેટરો અને જાણીતિ બોલિવૂડ સેલિબ્રિટીઓ પણ મોદી સરકારની પડખે ઉભી રહેતા થરૂર બરાબરના અકળાયા છે. થરૂરે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ભારત સરકાર માટે ભારતીય હસ્તીઓ દ્વારા પશ્ચિમી સેલિબ્રિટીઓ પર વળતા પ્રહાર કરવા શરમજનક છે. ભારત સરકારના અક્કડ વલણ અને લોકતંત્રિક વર્તનના કારણે ભારતની વૈશ્વિક છબીને જે નુંકશાન પહોંચ્યુ છે તેની ભરપાઈ ક્રિકેટરોના ટ્વિટથી નહીં થઈ શકે. ઉલ્લેખનીય છે કે, ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકર, વિરાટ કોહલી, અનિલ કુંબલે, રવિ શાસ્ત્રી અને રોહિત શર્માએ 'ઈન્ડિયા ટૂગેધર' એટલે કે ભારત એકજુથ છે. અને ઈન્ડિયા અગેંસ્ટ પ્રોપગેંડા (ભારત વિરૂદ્ધ દુષ્પ્રચાર) હેશટેગ સાથે ટ્વિટ કર્યા હતાં. ત્યાર બાદ થરૂરે આ ટિપ્પણી કરી હતી. પૂર્વ વિદેશ રાજ્ય મંત્રીએ કહ્યું હતું કે, કાયદો પાછો લો અને સમાધાન માટે ખેડૂતો સાથે ચર્ચા કરો તો તમે ઈન્ડિયા ટુગેધર થઈ શકશો. કોંગ્રેસના વરિષ્થ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી તથા નાણાં મંત્રી પી ચિદમ્બરમે કહ્યું હતું કે, એ સારી વાત છે કે, રિહાના અને થનબર્ગ વિદેશ મંત્રાલયને જગાડી શકે છે. વિદેશ મંત્રાલયને ક્યારે ભાન આવશે કે માનવાધિકાર અને આજીવિકાના મુદ્દાઓથી ચિંતિત લોકો રાષ્ટ્રીય સરહદોને નથી ઓળખતા.

## કેન્દ્રીય કેબિનેટે ઉપરાજ્યપાલને બનાવ્યા વધુ પાવરફુલ, કેજરીવાલનું ટેન્શન વધ્યું

ન્યુ દિલ્હી,તા.૪



કેન્દ્રીય કેબિનેટે બુધવારે થયેલી બેઠકમાં દિલ્હીના ઉપરાજ્યપાલને વધુ પાવરફુલ બનાવી દેવાના પ્રસ્તાવિત સંશોધનને મંજૂરી આપી દીધી છે. ગવર્નમેન્ટ ઓફ એનસીટી દિલ્હી એક્ટમાં કેટલાક સંશોધન કરી દિલ્હીની ચૂંટાયેલી સરકારને નક્કી સમયમાં જ એલજીની પાસે વિધાયી અને પ્રશાસનિક પ્રસ્તાવ મોકલવાની જોગવાઈ છે. કેન્દ્રએ સંસદના બજેટ સત્ર દરમિયાન એનસીટી ઓફ દિલ્હી કાયદા ૨૦૨૧ને વિચાર અને પારિત કરવા માટે સૂચીબદ્ધ કર્યું છે.સૂત્રોના જણાવ્યાનુંસાર આમાં એ વિષયોનો ઉલ્લેખ છે જે વિધાનસભાની બહાર આવે છે. સરકારી સૂત્રોનુ માનીએ તો આ સંશોધન ગવર્નેસને સારુ કરવા અને એલજી તથા દિલ્હી સરકારની વચ્ચે અથડામણને ઓછું કરવા માટે કરવામાં આવી રહ્યું છે.

અધિકારીઓ એ વહેંચણીને લઈને સુપ્રીમ કોર્ટને જાન્યુઆરી ૨૦૧૯માં આવેલ નિર્ણય બાદ આને લઈને સ્થિતિ સ્પષ્ટ કરવાની જરુર અનુભવાઈ છે. કેબિનેટ બેઠકમાં પાસ કરવામાં આવેલા સંશોધન મુજબ હવે વિધાયી પ્રસ્તાવ ઉપરાજ્યપાની પાસે ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલા અને પ્રશાસનિક પ્રસ્તાવ ૭ દિવસ પહેલા પહોંચાડવાના રહેશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર શાસિત પ્રદેશ હોવાના કારણે દિલ્હીના ઉપરાજ્યપાલને અનેક અધિકાર મળ્યા છે. જો કે આ અધિકારને લઈને કેજરીવાલ સરકાર અનેક વાર વિરોધ ચૂકી છે. એવું મનાય છે કે કેન્દ્ર તરફથી ઉપરાજ્યપાલ અને વધારે પાવરફુલ બનાવ્યા બાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું ટેન્શન વધી શકે છે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલનો બીજો કાર્યકાળ ચાલી રહ્યો છે.

પરંતુ બન્ને કાળમાં કેન્દ્ર સરકાર અને તેમની વચ્ચે ખટપટ બંધ નથી થઈ. કેન્દ્રીય પ્રતિનિધિત્વ કરનારા ઉપ રાજ્યપાલના પદ પર ચાહે કોઈ પણ બેસે કેજરીવાલ સરકાર અને તે પદ પર બેસનારાનો મત બહું ઓછા મુદ્દા પર એક જેવી જોવા મળશે. તેવામાં ઉપ રાજ્યપાલની તાકાત વધે છે તો નિશ્ચિત રીતે કેજરીવાલની ચિંતામાં વધારો થશે. કેજરીવાલ સરકાર અને ઉપ રાજ્યપાલની વચ્ચેની અદાવત કોરોના સંકટ દરમિયાન જોવા મળી હતી.

કેજરીવાલ સરકારે કહ્યું હતું કે દિલ્હીમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. તેને જોતા હાલ દિલ્હી સરકાર અને હાજર પ્રાઈવેટ હોસ્પિટલોમાં ફક્ત દિલ્હીના લોકોની સારવાર થશે. હવે આ નિર્ણય પર ઘણો વિવાદ થયો હતો.

બીજા દિવસે દિલ્હીના ઉપ રાજ્યપાલ અનિલ બેજલે કહ્યું કે દિલ્હીમાં તમામની સારવાર થશે જેવું અત્યાર સુધી થયું છે.

## ગાઝીપુર પહોંચ્યા ૧૫ વિપક્ષી નેતાઓને પોલીસે રોક્યા

ગાઝીપુર,તા.૪

કૃષિ કાયદા વિરુદ્ધ ચાલી રહેસા ખેડૂત આંદોલનનો આજે ૭૧મો દિવસ છે પરંતુ હજી કઈ ઉકેલ આવે તેવી શક્યતા લાગતી નથી. આ દરમિયાન ગાઝીપુર બોર્ડર પર હચલચ જોવા મળી છે. શિરોમણી અકાળી દળના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી હરસિરત કૌર બાદલ સહિત ૧૦ વિપક્ષે ૧૫ નેતા આજે ખેડૂતોને મળવા ગાઝિપુર પહોંચ્યા હતા. જોકે પોલીસે તેમને ત્યાં રોકી દીધા હતા. હરસિમરત કૌર બાદલે કહ્યું, અમે અહીં એટલા માટે આવ્યા છીએ કે સંસદમાં ખેડૂત આંદોલન વિશે કઈક કહી શકીએ. કારણકે હાલ સ્પીકર અમને ગૃહમાં ખેડૂત આંદોલનનો મુદ્દો ઉઠાવવા નથી દેતા. હવે દરેક પાર્ટી તેમને જણાવશે કે, ખેડૂત આંદોલનમાં શું ચાલી રહ્યું છે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ એવું પણ કહ્યું છે કે, અમેરિકા કોઈ પણ શાંતિપૂર્ણ ચાલતા આંદોલનનું સમર્થન કરે છે. આ લોકતંત્રની ઓળખ છે.

જો કોઈ મતભેદ હોય તો તેમની સાથે વાતચીત કરીને તેનો ઉકેલ લાવવો જોઈએ. ભારતમાં સુપ્રીમ કોર્ટે પણે આ જ કહ્યું છે. ખેડૂતો વિશે શરૂ થયેલા હોબાળા વચ્ચે અમેરિકાએ ભારતના નવા કૃષિ કાયદાના વખાણ કર્યા છે. અમેરિકાએ કહ્યું છે કે, આ કૃષિ સુધારાથી ભારતીય બજાર મજબૂત બનશે અને ખાનગી રોકાણ પણ વધશે. કાયદો પરત લેવાની જીદ પર અટકેલા ખેડૂતોએ બુધવારે હરિયાણાના જિંદ જિલ્લાના કંડેલા ગામમાં મહાપંચાયત કરી હતી. તેમાં ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું હતું કે, તેઓ હવે કૃષિ મંત્રી કે અન્ય કોઈ નેતા સાથે વાતચીત નહીં કરે.

હવે વડાપ્રધાન અથવા ગૃહમંત્રીએ વાતચીત માટે આગળ આવવું પડશે. ટિકૈતે આગળ કહ્યું હતું કે, અત્યારે તો ખેડૂતો ખાલી કાયદો પરત લેવાની વાત જ કરે છે, જયારે ગાદી પરત લેવાની વાત કરીશું ત્યારે સરકાર શું કરશે? જયારે કોઈ રાજા ડરે છે ત્યારે કિલ્લે બંધીનો સહારો લે છે. અત્યારે પણ એવું જ થઈ રહ્યું છે. બોર્ડર પર જે કિલ્લાબંધ કરવામાં આવી છે તેવી તો દુશ્મન માટે પણ નથી કરવામાં આવતી.

# ભાજપે પસંદ કરેલા પેનલના નામ પીએમ મોદી અને શાહ સુધી પહોંચાડવામાં આવ્યા

અમદાવાદ,તા.૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારોની જાહેરાતની કાગડોળે રાહ જોવાઈ રહી છે. ત્યારે હવે જલ્દી જ ઉમેદવારોના નામની જાહેરાત થશે તેવુ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે કહ્યું છે. તેમણે મીડિયા સામે કહ્યું કે, સંગઠન સાથે બેસીને પેનલો તૈયાર કરી છે. ૫૭૬ બેઠકો પર સરેરાશ ૬૦ થી ૭૦ દાવેદારો હતા. જેમાં મહિલા અને પુરુષોને એકસરખું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તેવુ પ્રદેશ અધ્યક્ષ જણાવ્યું. બપોરે ૩ વાગ્યા બાદ ભાજપના નામો જાહેર થશે તેવી જાહેરાત કરાઈ છે. સૌથી પહેલા જામનગર, ભાવનગર, રાજકોટ મહાનગર પાલિકા જાહેર થશે. અમદાવાદ મહનગરપાલિકાના નામો સાંજે જાહેર થશે. વડોદરા અને સુરત બાદ અમદાવાદના ઉમેદવારોના નામ જાહેર થશે. ભાજપે પસંદ કરેલા પેનલના નામો પીએમ મોદી અને અમિત શાહ સુધી પહોંચ્યા છે. સાંજે ઉમેદવારો જાહેર થશે. તેમણે જણાવ્યું કે, ૫૭૬ બેઠક પર દાવેદારોએ ટિકિટ માંગી હતી. એક સીટ પર એવરેજ ૬૦ થી ૭૦ દાવેદારો હતો. ભાજપે સંપૂર્ણ લોકશાહી પદ્ધતિ અને પારદર્શક રીતે ઉમેદવારો અંગે ચર્ચા થઈ છે. નિરીક્ષકોએ સ્થાનિક સ્તરે સેન્સ લીધું હતું. સંગઠન સાથે બેસીને પેનલો તૈયાર કરી છે. પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં પણ ૨ વાર ચર્ચા કરવામાં આવી હતી. ભાજપમાં ઉમેદવારોના પસંદગીની જે પ્રક્રિયા છે તેવી પ્રક્રિયા બીજે ક્યાંય નથી. ૫૭૬ બેઠકો પર સરેરાશ ૬૦ થી ૭૦ દાવેદારો હતા. પારદર્શક રીતે ઉમેદવારોની પસંદગી કરી છે. જેમાં ૫૦ ટકા મહિલાઓ છે અને ૫૦ ટકા પુરુષ ઉમેદવારોની પસંદગી કરાઈ છે. સાંજ સુધી તમામ નામોની જાહેરાત થઈ જશે. સાંજ સુધીમાં તમામ ઉમેદવારોનું લિસ્ટ મોકલી દેવાશે.

# અસદુદ્દીન ઓવૈસી ગુજરાતનો કાર્યક્રમ જાહેર, ભરૂચ અને અમદાવાદમાં જનસભા સંબોધશે

અમદાવાદ,તા.૪

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના પડઘમ વાગતાંની સાથે જ એઆઈએમઆઈએમ દ્વારા ગુજરાતમાં ચૂંટણી લડવાનું એલાન કરવામાં આવ્યું હતું. જે બાદ ગુજરાતમાં બીટીપી સાથે એઆઈએમઆઈએમનું ગઠબંધન થયું હતું. અગાઉ ચાર ફેબ્રુઆરીએ એઆઈએમઆઈએમ ચીફ અસદુદ્દીન ઓવૈસી આવવાની સંભાવના હતી. પણ હવે તેઓ ૭ ફેબ્રુઆરીએ ગુજરાતના પ્રવાસે આવશે. અને ભરૂચ તેમજ અમદાવાદમાં સભાઓને સંબોધન કરશે. રાજ્યમાં હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ગરમાવો જણાય રહ્યો છે. સમગ્ર ભરૂચ જિલ્લાના આદિવાસી મસીહા છોટુભાઈ વસાવાની બીટીપી પાર્ટીએ તાજેતરમાં જ એઆઈએમઆઈએમ સાથે ગઠબંધન કરતાં સમગ્ર જિલ્લાનું અને સાથે ગુજરાતનું રાજકારણ બદલાયું હતું. તેવામાં ૭ ફેબ્રુઆરીથી ઔવેસી ગુજરાતના પ્રવાસે આવનાર છે.

ઔવેસી અમદાવાદ અને ભરૂચમાં સભાઓને સંબોધશે. ઔવેસીના ગુજરાતમાં ચૂંટણી લડવાના એલાનથી ગુજરાતના રાજકારણમાં સમીકરણો બદલાશે એટલુ જ નહીં પરંતુ રાજકારણમાં ખુબ મોટો પલ્ટાવો આવશે તેવું મનાય રહ્યુ છે. મજબુતમાં મજબુત મતદારોનું ધ્રુવીકરણ થાય તેવી ગણતરીઓ મંડાઇ રહી છે. ત્યારે પ્રખર વક્તા એવા અસદુદ્દીન ઔવેસી સાથે બીટીપીના સુપ્રિમો છોટુ વસાવા બંન્ને એક જ મંચ ઉપરથી તીખા પ્રહારો કરશે અને તેથી રાજકારણ વધુને વધુ ગરમાશે તેથી તેની સીધી અસર ભરૂચ જિલ્લાની નગરપાલિકાની ચૂંટણી અને તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓ પર પડે તેવી શકયતાઓ રહેલી છે. ઔવેસી તેમનાં તીખા પ્રહારો તેમજ તેજાબી પ્રવચન અંગે ખુબ જાણીતા છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય ઉપર નવ પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવે છે.

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling : 9824653073

સંચાલક શ્રી : પ્રદીપ રાવલ (ગાંધીનગર)

નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા)

દ્ધ્ર સાહિત્ય સરિતા (૧)

**NOG SS No. - 0039**

વિષય - પ્રાણ - પ્રકૃતિ, ટેવ - કુટેવ, પ્રસંશા

શીર્ષક - ઉત્તમ મૂલ્યો

પ્રકાર - પદ્ય - અછાંદસ

સર્જનહારનું કેવું સુંદર ને ઉત્તમ સર્જન માનવ!
મહામૂલો મળ્યો છે કેવો આ મનુષ્ય અવતાર!
દીપાવી લે સત્કાર્યોથી મનુજ અજવાળી લે ભવ તારો,
સજાવી લે જીવન, ઉત્તમ માનવ મૂલ્યો ધરીને!
સ્વીકારી લે મળ્યાં જેવા છે એવા સંબંધોને!
ના કર પ્રયત્ન લગીરે તું બીજાને સુધારવાનો,
બદલવી જ હોય તો તું બદલ તારી જાતને,
હકારાત્મક અભિગમથી જીતી લે માનવ મનને!
પ્રાણ સાથે જ જાય પ્રકૃતિ! વાત એ ખોટી ઠરાવી દે!
ઈશ્વરે રચિત અદ્વિતીય,અદ્દ્ભૂત પ્રકૃતિને અપનાવી લે,
તારી ભીતરની પ્રકૃતિને સુંદર, ને સુશીલ બનાવી દે,
અન્યની કુટેવ જોવાની કુટેવ માનવ તું ભુલાવી દે!
હોય છે (કુટેવ) કોઈકને, પારકી પંચાત કરવાની!
હોય છે (કુટેવ) કોઈકને, ખૂબ ચંચુપાત કરવાની!
રાઈનાં પર્વતની જેમ વાતનું વતેસર કરવાની,
છોડ આ બધું ને પાડી દે ટેવ સ્વમાં લીન થવાની!
શણગારી લે જીવન તારું, સુંદર વિચારો થકી!
બનાવી દે સુંદર નજરને, આત્મવંચના દે ત્યાગી,
કરી લે પ્રસંશા કોઈના સુંદર,પ્રસંશનીય કામની!
સજાવી લે શબ્દોને તારા હકારાત્મક અભિગમથી.

પ્રફુલ્લા"પ્રસન્ના",અમદાવાદ

---

**NOG SS No ; 0044**

વિભાગ:- પદ્ય

પ્રકાર:- હાઈકુ

શબ્દ:- પ્રકૃતિ.

૧.ખીલે પ્રકૃતિ આકર્ષાય ભ્રમર કરે ગુંજન
૨.વરસે મેહ પ્રકૃતિ લીલીછમ નયનરમ્ય.
૩.ખેડૂત પોઢ્યો પ્રકૃતિ કેરે ખોળે ઊતર્યો થાક.
૪.મગજ તેજ પ્રકૃતિએ નરમ દીસતી નાર.
૫.રસે મેહ પ્રકૃતિ લહેરાઈ સુંદર દ્રશ્ય.
૬.ઝાકળબિંદુ બિરાજે ઉપવને પ્રકૃતિ દીપે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

**NOG. SS NO. 0060**

વિભાગ: પદ્ય

પ્રકાર: અછાંદસ..

શબ્દ: પ્રકૃતિ.

શીર્ષક:

કારીગરી કુદરતની

વાહ! કુદરત શું વખાણ કરું તારી કારીગરીનાં,
મીઠા ટહુકા કેવી રીતે ભર્યા તેં પંખીઓનાં રવમાં....
કોયલડી ને કાગને બનાવ્યો તેં એક જ રંગે પણ,
કાગડો કર્કશ અને કોયલ-ટહુકાર મધ નીતરતા કરી દીધાં...
કેવી રીતે ભર્યા ફૂલોમાં ઊર્મિલ રંગ ને માદક સુવાસ,
કારીગરીનો આ કોઈ ન મેળવી શક્યું તાગ.....
કેમ બનાવ્યાં તેં અનુપમ આકાશી રંગો ને,
સૂર્ય - ચંદ્ર - તારા આભલે મઢી દીધાં.
કસબ તારો આ અચરજ પમાડે,
નથી આ હુન્નર કે ચતુરાઈ કોઈ પાસે
ભર્યા દાણાં દાડમમાં, ન દેખાય ક્યાંય સાંધો,
ને કઠણ નારિયેળની અંદર મીઠા જળ ભરી દીધાં.
ખારા દરિયાનું પાણી ઉલેચે વાદળી ને વરસી ત્યારે તુજ કસબે સરોવર મીઠા ભરી દીધા!
પહોંચે ભલે ચંદ્ર - મંગળે માનવી,
પણ જીવન - મરણની કારીગરીએ તારી,
સૌને વામણાં કરી દીધા....
અદ્દ્ભુત લીલા આ પ્રકૃતિ તણી,
બનાવી તેં ઈશ, ધન્ય સૌને કરી દીધાં....

ભગવતી પંચમતીયા 'રોશની'

---

**NOG SS NO - 001**

વિભાગ - પદ્ય.

વિષય - પ્રકૃતિ, પ્રાણ,ટેવ...

શીર્ષક - ભવિષ્યની ભેટ.

સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન પૃથ્વી,
પૃથ્વી તણો શણગાર પ્રકૃતિ....!
પ્રકૃતિ, જીવસૃષ્ટિનાં પ્રાણ,
પ્રકૃતિની ગોદમાં, ખીલ્યાં ફૂલડાં અપાર..!
મઘમઘ..મહેકે ધરા ખુશ ખુશાલ,
ઈશની, અનમોલ ભેટ માનવ કલ્યાણ અર્થે..!
કરીએ સંકલ્પ, કરીશું રખેવાળી સૌ સંગાથ,
સજ્જ, કરીશું ધરાને સ્નેહથી...!
પ્રકૃતિ, સજીવ માટે સૃષ્ટિનું સ્વર્ગ,
સ્વચ્છ, સ્વસ્થ,સમૃદ્ધ.ભેટ ભવિષ્યને.....!

પ્રદીપ રાવલ (ગ્રુપ સંચાલક) ગાંધીનગર

---

**NOG SS No. : 0034**

વિષય : પ્રકૃતિ

વિભાગ : પદ્ય

શીર્ષક : ઓ સર્જનહાર

ઓ સર્જનહાર, કર્યું તે સર્જન અપરંપાર,
વિધ-વિધ રંગોથી કર્યા પ્રકૃતિનાં શણગાર.
ઘૂઘવાટ કરતો રત્નાકર અફાટ લહેરાય,
મીઠાં જળ સરિતાનાં એની મહી ઠલવાય.
સવારે થાય સૂર્યોદય ને થાય સૂર્યાસ્ત સાંજે,
નવાં રંગ ઋતુ-ઋતુનાં પૃથ્વીની શોભા વધારે.
લીલી વનરાજીઓથી હરિયાળા શણગાર થાય,
ક્યાંક વળી સૂકાં રણથી અવનિ પણ કરમાય.
રંગોની પીંછી છાંટીને સૃષ્ટિ બનાવી વિવિધરંગી,
ને વળી, નભમાં પણ રચાય ઈન્દ્રધનુષ સપ્તરંગી.
ઘડ્યું એક અલૌકિક પ્રાણી મનુષ્ય નામે,
નર-નારીની જોડ સરીખી આ પૃથ્વી ઉપરે.
મીઠાં માનવ સંબંધોથી મહેકાવ્યાં કુંટુંબ પરિવાર,
ઓ સર્જનહાર, કર્યું તે સર્જન અપરંપાર.

ડો. રેખા શાહ કચોરીયા

---

**NOG SS No : 0065**

પ્રકાર - પદ્ય

શીર્ષક - પ્રસંશા

પ્રસંશા એવું હથિયાર છે,
જેનાથી શત્રુ પણ મિત્ર બને છે,
સાચા લોકો પ્રસંશાનાં મોહતાજ નથી હોતા, પ્રસંશા તમે કોઇની ના કરો તો કઇ નહીં,
પરંતુ કોઇની નિન્દા પણ ના કરવી જોઈએ.
પ્રસંશાને હંમેશા વિનમ્રતાથી સ્વીકાર કરવો, તમે તમારુ સર્વોચ્ચ આપો,
તો દુનિયા તમારી પ્રસંશા કરશે,
પ્રસંશાથી કોઇ મહાન નથી બનતું.

હર્ષા શાહ

---

**NOG SS No. 0048**

વિભાગ - પદ્ય

શબ્દ - પ્રશંસા, ટેવ-કુટેવ

શીર્ષક - એ

એ મને ગમતો, હું એને ગમતી,
મનને ન ગમતી કંઈક (કુ)ટેવો એની,
ખોટી પ્રશંસાઓનું વ્યસન એને,
એ વ્યસનને સિગરેટની ધ્રુમસેરમાં ફૂંકતો એ.
જીવનને ગણતો રમત શતરંજની,
ચાલ એવી ચાલતો એ,
મહોરું બનવાની આવડત એની.
ખુદને ડૂબાડવાંનો આનંદ માણે,
મોતને ભેટવા તત્પર હંમેશાં,
જિંદગીને હાથતાળી આપતો એ.

પ્રકૃતિ 'પ્રીત'

---

**NOG SS NO : 40**

પ્રકાર : પદ્ય

શબ્દ : ટેવ

શીર્ષક : સારી ટેવ

કરીએ નહીં તો કાંઈ નહીં,
પણ નડીએ નહીં ; એ સારી ટેવ
સારું ન કોઈનું બોલી શકાય જો,
પણ; અપશબ્દો ન બોલીએ, એ સારી ટેવ
કંઈ આપી ન શકો તો કાંઈ નહીં,
પણ; કોઈનું છીનવી ન લઈએ એ સારી ટેવ
દિલ ન જીતી શકો જો; કાંઈ નહીં,
પણ; દિલ દૂભવો નહીં એ સારી ટેવ
કર લંબાવો નહીં મદદ માટે; ઠીક છે,
પણ પગ ખેંચો નહીં એ સારી ટેવ
ધર્મ ન કરો તો કાંઈ નહીં,
પણ; કર્મ સારાં કરો એ સારી ટેવ.

વૈશાલી મહેતા.

---

**NOG SS No : 0075**

વિભાગ : પદ્ય

પ્રકાર : અછાંદસ

શીર્ષક : પ્રાણ-પ્રકૃતિ

પ્રાણ પ્રકૃતિ અદભૂત સંયોજન
સર્જે સૃષ્ટિ સમસ્ત,
ઘટ ઘટ અને કણ કણમાં ધબકે
અવિરત પ્રાણ વિશ્વસ્થ.
વિવિધ તંત્રો અને ચક્રો પ્રકૃતિ તણાં
જ્યાં જોઉં ત્યાં સર્વત્ર,
સર્જન અને વિનાશનો સતત ખેલ
નીરખી બની હું મુગ્ધ.
સતત ચાલતું લાસ્ય તાંડવ દ્રષ્ટા
દ્રશ્ય મહી રમમાણ,
પ્રાણ ખેલૈયો ચાલકબળ પ્રકૃતિ
ઇશનું વ્યક્ત તત્વ.

કૌમુદી સોની,સુરત

# હોસ્ટેલ અંગેની SOP જાહેર કરવામાં આવી

- હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓનું થર્મલ સ્ક્રિનિંગ સુનિશ્ચિત કરવાનું રહેશે

- જમવાના રૂમમાં/કિચનમાં પૂરેપૂરી સ્વચ્છતા જાળવવાની રહેશે.

- વધારે ભીડને ટાળીને. નાના સમૂહોમાં ભોજન પીરસવું જોઇશે. વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રૂમમાં ભોજનની વ્યવસ્થા સરળ અને વિનાવિલંબે ઉપલબ્ધ થઇ શકે તે રીતે ગોઠવણ કરવાની રહેશે.

- હોસ્ટેલના કેમ્પસમાં કોઇ ભીડ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે અને તે માટે વિદ્યાર્થીઓની સંખ્યાને યોગ્ય રીતે મર્યાદિત કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓને તબક્કાવાર બોલાવવાના રહેશે.

- વિદ્યાર્થીઓ હોસ્ટેલ કેમ્પસમાં સ્વયં-શિસ્ત અને કોવિડ સંબંધિત કાળજીભર્યા વર્તનનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

- વિદ્યાર્થીઓએ નિયમિત અને યોગ્ય રીતે હાથની સ્વચ્છતા જાળવવી, સામાજિક અંતર જાળવવું, આંખ, નાક અને મોંને સ્પર્શ કરવાનું ટાળવું, હંમેશા ફેસ માસ્ક પહેરવુંનું પાલન કરવાનું રહેશે.

- હોસ્ટેલના દરેક ફ્લોર પર સેનિટાઇઝર આપવાના રહેશે તથા વિદ્યાર્થીઓ/સ્ટાફ સાથે વસ્તુઓની આપ-લે કર્યા પછી, દિવાલો, દરવાજા, દરવાજાના હેન્ડલ, સીડીની રેલીંગ, સ્વીચો વગેરે જેવી સપાટીઓને સ્પર્શ કર્યા પછી સેનિટાઇઝરનો ઉપયોગ કરવો હિતાવહ છે.કોવિડથી સાવચેતીના ભાગ રૂપે સ્વ-શિસ્તની બાબત તરીકે વોશરૂમનો ઉપયોગ કરતી વખતે પણ સામાજિક અંતરનાં ધોરણોનું પાલન અપેક્ષિત છે.કોરિડોરમાં સામાજિક અંતર જાળવવું જોઇએ, કોઇ વિદ્યાર્થીઓના મેળાવડાની મંજૂરી આપી શકાશે નહી.

- હોસ્ટેલ બિલ્ડીંગના કોઇપણ ભાગમાં ભેગા થવાની મંજૂરી આપવાની નથી અને વિદ્યાર્થીઓએ પણ ગ્રુપમાં મળવાનું ટાળવું જોઇએ.

- હોસ્ટેલની બહાર અને હોસ્ટેલના બગીચામાં, વિદ્યાર્થીઓએ ભેગા થવાનું અથવા ગ્રુપમાં બેસવાનું ટાળવું જોઇએ.

- તમામ પ્રકારની રમતો જેમાં શારીરિક સ્પર્શ થઇ શકે તેવી રમતોને રમવાની મંજૂરી નથી, કેમ્પસમાં જિમ સુવિધા પણ બંધ રહેશે.

- ભોજનાલયમાં સંપૂર્ણ કોવિડ-૧૯ નિયમોના પાલનની ખાતરી કરવા માટે સ્લોટ-આધારિત કૂપન સિસ્ટમ દાખલ કરવું હિતાવહ છે.

- ભોજનાલયના હોલમાં અને રસોઇઘરમાં ફરજ પરના કર્મચારીઓને દરરોજ તેમની ફરજ શરૂ કરતા પહેલા આરોગ્યની સ્થિતિ માટે તપાસવામાં આવશે અને ફરજ દરમિયાન ફેસ-માસ્ક, હેડકવર અને હેન્ડ ગ્લોવ્ઝ ફરિજ્યાત રાખવાના રહેશે.

- ભોજનાલયનો સ્ટાફને પણ સામાજિક અંતરનું પાલન કરવું પડશે.સપાટીઓ અને ફલોરની સફાઇ માટે ફુડ ગ્રેડ ડીસઇનફેકટસનો ઉપયોગ કરવો.

- શાકભાજી કે અન્ય ખાદ્ય પદાર્થોને ધોવા માટે કોઇ બ્લીચ, વોશિંગ સોડા, ડીટરજન્ટ પાવડરનો ઉપયોગ ન કરવો.

- તાજા શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થોને કાપતા પહેલા ગરમ પાણીથી ધોવાના રહેશે.વિદ્યાર્થીઓને સ્વ-શિસ્તતા રાખવા અને જમાવા માટે ડાઇનિંગ હોલની અંદર ભીડ કરવાનું ટાળવા પ્રોત્સાહન આપવું.

- વારંવાર ઉપયોગમાં લેવાતા વોટરરૂમના પોઇંટ્સ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સ્પર્શ કરતા પહેલા અથવા પછી હાથની સ્વચ્છતામાં સાવચેતી રાખવી જરૂરી છે.

- હાથ દ્વારા ઓછામાં ઓછું સ્પર્શ થાય એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી.માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને લાઇન પ્રણાલીનું યોગ્ય રીતે પાલન કરવું.

- રસોડા, ડાઇનિંગ હોલ, બાથરૂમ અને શૌચાલયો વગેરેમાં સ્વચ્છતાની સ્થિતિનું નિયમિત નિરીક્ષણ કરવું જોઇએ. વાસણો યોગ્ય રીતે સાફ થાય તે જોવાનું રહેશે.

- તાજુ ભોજન રાંધવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેથી એક સિનિયર કર્મચારીએ તેનું મોનિટરીંગ કરવાનું રહેશે.

- શંકાસ્પદ કેસોની જાણ કરવી: તાવ અને ઉધરસ અને શ્વાસની તકલીફ ધરાવતા કોઇ પણ વ્યકિતનો પ્રવેશ અટકાવવો, આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગને જાણ કરવી ફરજિયાત રહેશે.

આવા વ્યકિતને તરત જ નજીકની ક્વોરેન્ટીન સુવિધા ખાતે અથવા નજીકની કોવિડ હોસ્પિટલમાં લઇ જવાના રહેશે.

- દરેકને પોતાની પાણીની બોટલ લાવવા અને જનરલ પાણીની બોટલ/મગ/ગ્લાસનો ઉપયોગ ટાળવા પ્રોત્સાહિત કરવા.

- દરેક સંસ્થાએ નિયમિતપણે તેના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓના આરોગ્યની દેખરેખ રાખવી જોઇએ.

- સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પણ તેમના સ્વાસ્થ્યની સ્વ-દેખરેખ રાખવા માટે તકેદારી લેવી.કોઇ સ્ટાફ અને વિદ્યાર્થીને અથવા તેમના કુટુંબના સભ્યોમાંથી કોઇને ચેપ લાગ્યો હોય/ કોવિડ-૧૯ની સારવાર મળી હોય તે સ્વેચ્છાએ તેની પણ કરવી જોઇશે.

- માંદગી/આરોગ્યના કોઇ પણ લક્ષણોના કિસ્સામાં કાર્યકારી સ્ટાફને ક્લિનિકલ સારવાર માટે નજીકની કોવિડ સારવાર સુવિધામાં મોકલવાના રહેશે.

- કર્મચારીઓએ લંચ માટે તંત્ર દ્વારા આપવામાં આવેલ સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું સખત પાલન કરવાનું રહેશે અને સિકયુરિટી ગાર્ડ અને મેસ સ્ટાફ દ્વારા ડાઇનિંગ હોલમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર નજર રાખવાની રહેશે.

- થર્મલ સ્કેનરો, સેનિટાઇઝર, વગેરેની પૂરતી વ્યવસ્થા રિસેપ્શન એરિયા સહિતના તમામ એન્ટ્રી અને એકઝીટ પોઇન્ટ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

- હોસ્ટેલ કેમ્પસની એન્ટ્રી/ એકઝીટ પર લાઇનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ગેટ પર ૬ ફુટના અંતર સાથે ચોક્કસ નિશાનો બનાવવા અને તેનું પાલન કરવું.

- જો સંસ્થામાં એન્ટ્રી/ એકઝીટ માટે એક કરતા વધુ ગેટ હોય તો ભીડ ન થાય તે માટે તમામ ગેટનો પૂરતી કાળજી સાથે ઉપયોગ કરવો.

- વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓની સ્ક્રીનંગ, ફેસ માસ્ક પહેરીને, હાથનું સેનિટાઇઝિંગ વગેરે દરેક પ્રવેશ સ્થળોએ સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

- તાવ, ખાંસી અથવા શ્વાસ લેવામાં તકલીફના લક્ષણો ધરાવતા લોકોને અંદર પ્રવેશવાની મંજૂરી આપવી નહીં.

- રાજ્ય સરકારે કોલેજોના પ્રથમ વર્ષના શૈક્ષણિક કાર્ય માટે વર્ગખંડો શરૂ કરવા સાથે હોસ્ટેલ્સનો પણ આવાસ-નિવાસ હેતુથી પુનઃ ઉપયોગ કરવા

આ જે SOP શિક્ષણ વિભાગે જારી કરી છે તેનું પાલન અવશ્યપણે કરવા શિક્ષણ અગ્ર સચિવે અનુરોધ કર્યો છે.

# રાજ્યસભાની ખાલી પડેલી ૨ બેઠકો પર યોજાશે ૧ માર્ચે ચૂંટણી

ગાંધીનગર,તા.૪

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડેલી બે બેઠકોની ચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે. બીજેપીના રાજ્યસભા સાંસદ અભય ભારદ્વાજ અને કૉંગ્રેસના રાજ્યસભા સાંસદ અહેમદ પટેલના નિધન બાદ ખાલી પડેલી બે બેઠકોની ચૂંટણી માટે ૧ માર્ચની તારીખ નક્કી કરવામાં આવી છે. રાજ્યસભાની આ બંને બેઠકો માટે ૧૧ ફેબ્રુઆરીએ જાહેરનામું રજૂ થશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૮ ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી છે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૨ ફેબ્રુઆરી રાખવામાં આવી છે. પહેલી માર્ચે સવારે ૯થી ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. ચૂંટણીની મતગણતરી પહેલી માર્ચે સાંજે પાંચ વાગે યોજાશે.

નોંધનીય છે કે, કૉંગ્રેસના સાંસદ અહમદ પટેલનું કોરોના સંક્રમિત થયા બાદ સારવાર દરમિયાન દિલ્હીમાં ૨૫ નવેમ્બર ૨૦૨૦ના રોજ નિધન થયું હતું. જ્યારે અભય ભારદ્વાજનું કોરોનાની સારવાર દરમિયાન ચેન્નઈમાં ૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ નિધન થયું હતું. કેન્દ્રીય ચૂંટણી પંચએ ગુજરાતના ચીફ સેક્રેટરીને સૂચના આપી છે કે રાજ્યસભાની બે બેઠકોની પેટાચૂંટણી માટે સિનીયર અધિકારીને નિમણૂક કરવામાં આવે. કોરોનાની તમામ ગાઇડલાઇનનું પાલન કરીને આ ચૂંટણી યોજવામાં આવે તેની તમામ જવાબદારી આ સીનિયર અધિકારીની રહેશે. આ ઉપરાંત ચૂંટણી પંચે ગુજરાતના ચીફ ઈલેક્ટોરલ ઓફિસરની આ ચૂંટણી માટે ઓબ્ઝર્વર તરીકે નિમણૂક કરી છે. ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યોના સંખ્યા બળને જોતાં બંને બેઠક પર ભાજપ જીત મેળવી શકે છે. જ્યારે કોંગ્રેસને એક બેઠકનું નુકસાન થઈ શકે છે. અહેમદ પટેલ કૉંગ્રેસમાંથી અને અભય ભારદ્વાજ ભાજપમાંથી રાજ્યસભા સાંસદ તરીકે ચૂંટાયા હતા. પરંતુ બંનેના નિધનથી ફરી ચૂંટણી યોજાશે.

# શિક્ષકોના પડતર પ્રશ્નોને લઇને મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘને પત્ર લખી કરી રજૂઆત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘે પ્રાથમીક શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નોને લઈને રાજ્ય સરકારમાં રજુઆત કરવા માટે જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘને પત્ર લખી ઝડપથી ઉકેલ લાવવામાં આવેની માંગ કરી છે રાજ્યમાં ફરજ બજાવતા પ્રાથમીક શિક્ષકોના વણઉકેલ્યા પ્રશ્નો સામે રાજ્ય સરકાર આંખ આડા કાન કરી રહી હોવાનું પ્રાથમીક શિક્ષકો અહેસાસ અનુભવી રહ્યા છે

મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે અરવલ્લી જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ અને મહામંત્રીને ઉલ્લેખીને એક પત્ર લખી રાજ્ય સરકારમાં પ્રાથમિક શિક્ષકોના મુખ્યત્વે ૬ જેટલા પડત પ્રશ્નોનું નિરાકરણ લાવવા સરકારમાં રજૂઆત કરવા માંગ કરી છે જેમાં ધોરણ ૧ થી ૫માં ત્રણ શિક્ષકો સમાવવામાં આવે,વિકલ્પ આપવામાં આવે તેમજ પગાર ધોરણ અને પેન્શન રિવાઇઝ કરવાની પૂર્ણ કરવામાં આવે ATD અને CP.Ed. ના શિક્ષકોને ૬ થી ૮માં વિકલ્પ આપવામાં આવે,વધમાં તાલુકા બહાર બદલી થયેલ શિક્ષકોને મૂળ તાલુકા અને મૂળ શાળામાં પરત લાવવામાં આવે તેમજ સાબરકાંઠામાંથી નવનિર્મીત થયેલ અરવલ્લી જીલ્લામાં પ્રાથમીક શિક્ષકોનું જીપીએફ ટ્રાન્સફર કરવામાં આવેની માંગ કરી છે

# પડકાર સામે મારો પ્રયાસ અંતર્ગત સીઆરસીકો ઓ અલ્પેશ શ્રીમાળીનો નવતર પ્રયોગ




વર્તમાન સમયમાં જ્યારે કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે શાળાઓ બંધ છે પણ શિક્ષણ નહી તે વાક્યને સાર્થક કરવા માટે સી.આર.સી.કો-ઓર્ડીનેટર બ્રાહ્મણવાડા અલ્પેશ શ્રીમાળી દ્વારા નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો જેમાં હોમ લર્નિંગ અંતર્ગત જે બાળકો પાસે બિલકુલ ડિજીટલ ડિવાઈસ નથી તેવા બાળકો નું શિક્ષણ ના બગડે તે હેતુથી અલ્પેશ શ્રીમાળી દ્વારા તેમની તાબાની શાળાઓ માં શિક્ષકોને માર્ગદર્શન આપી અને પ્રોત્સાહિત કર્યા હતા કે જે બાળકો પાસે ભણવા માટે બિલકુલ એક પણ ઉપકરણ નથી તેવા બાળકોનું શિક્ષણ ના બગડે તે માટે તેવા બાળકો માટે તેમને શેરી શિક્ષણ પ્રોજેક્ટ દ્વારા બાળકોને શિક્ષણ આપવાની વાત તેમના શિક્ષકો આગળ મૂકી હતી અને આ વાતને ટેકો આપતા શિક્ષકો પણ પ્રોત્સાહિત થઇ ગયા હતા અને તેમની શાળાના બાળકો માટે શિક્ષણ શરૂ કરવાની તૈયારી બતાવી હતી અત્યારની કોરોના ની સરકારની ગાઈડ લાઈન મુજબ શેરી શિક્ષણ દ્વારા બાળકોને શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું તેમાં બાળકો ફરજીયાત માસ્ક તેમજ સોશ્યિલ ડિસ્ટન્સસાથે રોજેરોજ ટાઈમ ટેબલ અનુસાર શેરી શિક્ષણ પ્રોજેક્ટ દ્વારા બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કેશેરી શિક્ષણ પ્રોજેક્ટ ને સારો પ્રતિસાદ મળી રહ્યો છે જ્યારે બીજી તરફ સી.આર.સી બ્રાહ્મણવાડા અલ્પેશ શ્રીમાળી દ્વારા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંગે બનાસકાંઠા કલેક્ટરશ્રીનો હુકમ

# પાલનપુર,ડીસા અને ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ૯ જેટલાં નોડલ ઓફિસરોની નિમણુંક કરાઇ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા અને પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્થાનિક સ્વરાજયના એકમોની પ્રસંગગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની પાલનપુર, ડીસા અને ભાભર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા થરા અને ધાનેરા નગરપાલિકાની પેટા ચૂંટણી, ૧૪-માંડલા કાંકરેજ તાલુકા પંચાયત અને ૯- મોટી મહુડી દાંતીવાડા તાલુકા પંચાયતની પેટા ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧ના રોજ યોજવાની છે. આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આનંદ પટેલે હુકમ કરી ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી માટે ૯ જેટલાં નોડલ ઓફિસરોની નિમણુંક કરી છે. જેમાં (૧) ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટના નોડલ ઓફિસર તરીકે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી પાલનપુર અને વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ડીવીઝન પાલનપુર, (૨) ટ્રેઈનીગ મેનેજમેન્ટના નોડલ ઓફિસર તરીકે આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી દાંતા (૩) ઓબ્ઝર્વર નોડલ ઓફિસર તરીકે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) પાલનપુર (૪) કાયદો અને વ્યવસ્થાના નોડલ ઓફિસર તરીકે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, હેડ ક્વાર્ટર, પાલનપુર (૫) મિડીયા નોડલ ઓફિસર તરીકે નાયબ માહિતી નિયામકશ્રી, પાલનપુર (૬) કોમ્પ્યુ(ટરાઇઝેશન નોડલ ઓફિસર તરીકે એન.આઇ.સી.ઓફિસર, પાલનપુર (૭) સ્ટાફ વેલફર ડીસ્ટ્રીક્ટ નોડલ ઓફિસર તરીકે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત) પાલનપુર અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિ. પંચાયત, પાલનપુર (૮) ઉમેદવાર ખર્ચ નોડલ ઓફિસર તરીકે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બનાસકાંઠા, પાલનપુર અને અક્ષમ- દિવ્યાંગ મતદારો માટે પી.ડબલ્યુ.ડી. નોડલ ઓફિસર તરીકે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, પાલનપુરની નિમણુંક કરવામાં આવી છે. આ નોડલ ઓફિસરોએ તેમને સોંપાયેલ કામગીરી ઉપરાંત જરૂર જણાય જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવતી વધારાની કામગીરી પણ કરવાની રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા સમયાંતરે નોડલ અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. તેમ બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા તા.૨૮ જાન્યુઆરીના રોજ પ્રસિધ્ધ કરાયેલ હુકમમાં જણાવાયું છે.

## ચાર આરોપીઓ ફરાર.

# દેડિયાપાડાના ખાબજી ગામેથી કુલ કિં. રૂ.૧૯૧૪૦ ના મુદ્દામાલ સાથે સાત જુગારીયાઓ ઝડપાયા



રાજપીપળા,તા.૪

દેડિયાપાડાના ખાબજી ગામે રોકડા રૂ.૧૨૧૪૦ /- તથા મોબાઈલ નં. ૫ કિ. રૂ.૭૦૦૦/- મળી કુલ કિં. રૂ.૧૯૧૪૦/- ના મુદ્દામાલ સાથે સાત જુગારિયાઓને પોલીસે ઝડપી પાડ્યા છે.

આ અંગે પૂછતા હોય એ.આર.ડામોર ના જણાવ્યા અનુસાર પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશનમાં હાજર હતા.તે દરમ્યાન અ.હે.કો મહેન્દ્રભાઈ નટવર અને ખાનગી રાહે બાતમી મળેલ કે ખાબજી ગામે દમણીયા ફળીયામા ટેકરા ઉપર લાઈટના અજવાળામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં કેટલાકે એ સમૂહ પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે.જે બાતમી આધારે રેડ કરતા કેટલાક ઈસમો બાતમી વાળી જગ્યા ના અજવાળામાં ગોળ કુંડાળુ વળી પૈસા વડે હારજીતનો જુગાર રમતા હતા.જેથી તેઓને કોર્ડન કરી રેડ કરતાં સ્થળ ઉપરથી આરોપી જયેશભાઈ રતિલાલભાઈ વસાવા, નીતિનભાઈ ગણપતભાઈ વસાવા, રવિન્દ્રભાઈ ગંભીરભાઈ વસાવા,રાયસીગભાઈ બેડીયાભાઈ વસાવા, કાંતિલાલભાઈ અમરસિંહભાઈ વસાવા, વિક્રમભાઈ બચુભાઈ વસાવા તમામ (રહે, ખાબજી )તથા મનોજભાઈ સોમાભાઈ વસાવા (રહે, નાના મંડાળા) ની અંગજડતીના રોકડા રૂ

૧૧૩૯૦/- તથા દાવ ઉપરના રોકડા રૂ. ૭૫૦/- મોબાઈલ નંગ.૫ કિં. રૂ. ૭૦૦૦/- તથા પતાપના મળી કુલ કિં.રૂ. ૧૯૧૪૦/-નો ગણી જુગાર ના મુદ્દામાલ સાથે રેડ દરમિયાન પકડાઈ ગયેલ તેમજ આરોપી પ્રતાપભાઈ વેસ્તાભાઈ વસાવા, બીપીનભાઈ નગીનભાઈ વસાવા, સંજયભાઈ ચંદુભાઈ વસાવા, પરીયોભાઈ રામેશ્વરભા વસાવા તમામ (રહે, ખાબજી ) પોલીસ રેડ દરમિયાન નાસી ગયેલ હોય જેથી તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## અનેક એમ્બ્યુલન્સ ફસાઈ,સિક્સલેનની કામગીરી થી લોકો તોબા

# અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી પાસે બે ટ્રક બગડતા ભારે ટ્રાફિકજામ

અરવલ્લી બ્યુરો મોડાસા



દિલ્હીથી મુંબઈને જોડતો, અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે શામળાજી નજીક આપવામાં આવેલ સીગલ ડાયવર્ઝનના પગલે વારંવાર ટ્રાફિકજામ સર્જાતો હોય છે ત્યારે બે ટ્રક ખોટકાઈ જતા ભારે ટ્રાફિકજામ થતા વાહનચાલકો અને લોકો તોબા પોકારી ઉઠ્યા છે ટ્રાફિકજામમાં ઈમરજન્સી સેવા મેળવવા માટે બાધારૂપ બની રહ્યો હોવાનો શામળાજીના સ્થાનીક લોકોએ આક્ષેપ કર્યો હતો સ્થાનિક પોલીસ અને જીલ્લા ટ્રાફિક પોલીસે ભારે જહેમત બાદ ટ્રાફિક પૂર્વરત કરવા કવાયત હાથધરી હતી સિક્સલેનનું મંથર ગતિએ ચાલતું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે ગુરુવારે સવારે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પાસે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. શામળાજી નજીક અપાયેલ સિંગલ ડાયવર્ઝન પર પસાર થતી બે ટ્રક ખોટકાઈ જવાના કારણે ટ્રાફિક જામ થયો હતો અનેક એમ્બ્યુલન્સ પણ ફસાઈ જતા ટ્રાફિકજામ જીવલેણ પણ બની શકેનું સ્થાનિકોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું નેશનલ હાઈવેનું સિક્સલેનમાં રુપાંતરીત કરવાની કામગીરી ચાલી રહી હોવાથી એક સાઈડ ૫ કીમી થી વધુ લાંબો ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અટવાઈ ગયા હતા ટ્રાફિકજામ સર્જાતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પુર્વરત કરાયો હતો કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયેલા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો

# છેલ્લા સાત વર્ષથી નાસતો ફરતો આરોપી પકડી પાડતી નર્મદા પોલીસ



રાજપીપળા, તા.૪

પોલીસ મહાનિરીક્ષક હરિકૃષ્ણ પટેલ વડોદરા વિભાગ વડોદરા ની કચેરી તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગેની ડ્રાઈવ રાખવામાં આવેલ.જે અનુસંધાને નર્મદા પોલીસ અધિક્ષક હિંમકરસિંહની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે. કે. પાઠક તથા પો.કો ગણપતભાઇ ખાનસિગભાઈ, પો. કો. નિલેશભાઈ, પો. કો. જીતેન્દ્રભાઈ હરિભાઈ, નિતેશભાઇની એક ટીમ બનાવી નર્મદા જિલ્લાના રાજપીપળા પોલીસ મથકમાં નોંધાયેલ કલમ ૩૮૧ મુજબના ગુનાના નાસતો ફરતો આરોપી હરિઓમ રામશંકર ચૌધરી (રહે,વીજવાલીયા તા.લાલગંજ જી. બસ્તી ઉત્તરપ્રદેશ યુપી)ને ત્યાંથી પકડી રાજપીપળા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## નર્મદામા કોરોનાના આજે ૦૯ કેસ નોંધાયા

# પંચવટી સોસાયટી મા એકી સાથે ૦૫ કેસ નર્મદામા કૂલ પોઝિટિવ કેસ ૧૮૩૭ થયા




રાજપીપલા, તા ૪

નર્મદામા કોરોનાના આજે એ ૦૯ કેસ નોંધાયાછે જેમા રાજપીપળામા ૬કેસ પૈકી પંચવટી સોસાયટીમા એક સાથે ૦૫ કેસ નોંધાયા છે.જ્યારે ચંદ્ર વિલામા ૦૧કેસ તથાનાંદોદ તાલુકામાં ઓરી, ધમણાછા, અનેભદામ ગામે એક એક કેસ નોંધાયા છે

આજદિન સુધીમા કોવીદમાથી ૮૯૫અને કોવીદ કેર માથી ૯૧૬મળી કૂલ ૧૮૧૧ને રજા આપી છેઆજે આરટીપીસીઆર મા ૨૩ અનેએન્ટીજન ટેસ્ટ ૩૫૦ મળી આજે કૂલ ૩૭૨ ટેસ્ટ સેમ્પલ ચકાશણી માટે વડોદરા મોકલ્યા છે .આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૨૩૬૮વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૬દરદીઓ, તાવના ૧૩દરદીઓ, ઝાડાના દરદીઓ ૧૭સહિત કુલ-૪૬જેટલા દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૦૧૩૬ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૩૨૭૫લોકોને વિતરણ કરાઈ છે.

તસવીર :જ્યોતિ જગતાપ , રાજપીપલા

# કુડાસણમાં મેયરશ્રીની અધ્યક્ષતામાં કેન્સર અવેરનેશ કાર્યક્રમ યોજાયો




કુડાસણમાં ડૉ. જિજ્ઞા ભટ્ટાચાર્ય, મનોચિકિત્સક શ્રીમતી દીપીકા બિયાની અને કેન્સર સામે લડત આપીને વિજેતા બનેલા શ્રીમતી ઈલાબેન વોરા દ્વારા સંચાલિત 'સંભાળ' કેન્સર સપોર્ટ ગ્રુપ દ્વારા મેયરશ્રી રીટાબેન પટેલની અધ્યક્ષતામાં કેન્સર અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. સંસ્થા દ્વારા આ પ્રકારની આપવામાં આવતી નિશુલ્ક સેવાને મેયરશ્રી દ્વારા બિરદાવવામાં આવી હતી. આ તકે નિષ્ણાતો દ્વારા મહિલાઓ સહિત ઉપસ્થિતોને કેન્સર એટલે કેન્સલ નહી એ સુત્ર સમજાવવામાં આવ્યુ હતું. મેયરશ્રી દ્વારા પણ કેન્સર સામે હાર નહી માનવા અને ઉપલબ્ધ અત્યાધુનિક સારવાર સાથે હિંમતભેર આ રોગનો સામનો કરીને વિજેતા બનવાની શીખ આપી હતી.

# અરવલ્લીના ભીલોડાના વિવિધ ગામોમાં મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો



રાજયમાં રાજયચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત કરાઇ હતી. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પણ જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે. અરવલ્લી જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ યોજાવાની હોઈ. જે અંતર્ગત

જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા ભીલોડાના વિવિધ ગામોમાં મતદાન કરવામાં મતદારોનો પ્રેરવામાં આવ્યા હતા.ચાલુ વર્ષમાં નવા ઉમેરાયેલા મતદારો મતદાન કરે ઉપરાંત તમામ મતદારો આ મતદાનની પ્રક્રિયામાં સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ભીલોડાના વાંસળી,ચુનાખણ, ટાકાટૂકા, ટોરડો, બુધરાસણ સહિતના ગામોમાં ઘરે-ઘરે જઈને લોકોને પ્રતિજ્ઞા લેવડાવી અને ગત ચૂંટણીમાં જે ગામોમાં મતદાનની ટકાવારી ઓછી નોંધાઈ હતી. તેવા ગામોમાં મતદાન કરવા સંકલ્પ પત્ર ભરાવવામાં આવ્યા હતા.



## ૭ આંતરરાજ્ય ચેકપોસ્ટ સહીત ૧૭ ચેકપોસ્ટ પર સઘન ચેકીંગ

# અરવલ્લી પોલીસનું સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના પગલે રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓને લઈને ભારે ધમધમાટ શરુ થઇ ગયો છે અરવલ્લી જીલ્લામાં ૨૮ ફેબ્રુઆરીએ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી યોજાવાની છે અને આચારસંહિતા લાગુ થઇ ગઈ છે ત્યારે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજયને અડીને આવેલ ૭ આંતરરાજ્ય સરહદો પર અને જીલ્લાની અંદર ૧૦ ચેકપોસ્ટ ઉભી કરી રાઉન્ડ ધી ક્લોક વાહન ચેકીંગ અને જીલ્લાના હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે ખાસ કરીને ચૂંટણીમાં દારૂ અને રૂપિયાની હેરાફેરી અટકાવવા માટે જીલ્લા પોલીસતંત્ર પ્રયત્નશીલ બન્યું છે જે ચૂંટણી સુધી ચાલુ રાખવામાં આવશે

કોરોનાનું સંક્રમણ ઘટતા રાજય ચૂંટણી આયોગે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓ ફેબ્રુઆરી મહિનાના અંતમાં યોજવાનું નક્કી કરતા રાજયમાં આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં જીલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત અને બે નગરપાલીકા ચૂંટણી યોજાવાની છે જેને લઈને તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પહોંચી વળવા પોલીસે પણ કામગીરી શરુ કરી દીધી છે આચારસંહિતાની કડક અમલવારી માટે અને અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા માટે પોલીસે અરવલ્લી જીલ્લા પ્રવેશદ્વારોએ અને રાજસ્થાનને અડીને આવેલ ૭ આંતરરાજ્ય સરહદ અને જીલ્લાની અંદર ૧૦ જેટલી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે ત્યાંથી રાઉન્ડ ધી ક્લોક પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી એન્ટ્રી કરવામાં આવી રહી છે

અરવલ્લી જીલ્લાની આંતરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો દ્વારા ઠાલવવામાં આવતો હોવાની વાત જગજાહેર છે ત્યારે ચૂંટણી ટાણે વિદેશી દારૂની ડિમાન્ડ વધી જતા બુટલેગરો પણ મોટા પ્રમાણમાં નિતનવા નુસ્ખા અપનાવી દારૂ ઘુસાડવા અધીરા બન્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ જીલ્લાના તમામ પ્રવેશદ્વારે સઘન ચેકીંગ હાથધરી બુટલેગરોના પ્રયત્નો નિષ્ફળ બનાવી રહી છે ત્યારે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓમાં દારૂ અને રૂપિયાની હેરાફેરી અને ગેરકાયદેસર પ્રવૃતિઓ પર લગામ લગાવવા પોલીસે ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું છે.

જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તમામ પોલીસ સ્ટેશન અને પોલીસતંત્રાની વિવિધ એજન્સીઓને પેટ્રોલીંગ કરવા અને આચારસંહિતાનો ચુસ્ત પણ પાલન થાય તે માટે જીલ્લા પોલીસવડાએ તાકીદ કરી છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.